

સરકારના આદેશ અનુસાર અખાત્રીજથી દુકાનો શરૂ થઈ ગઈ છે. છેલ્લા ઘણા દિવસોથી બંધ રહેલી દુકાનો શરૂ થતાં માર્કેટમાં થોડીક ચહલપહલ જોવા મળી હતી. ઘણા દિવસોથી ખરીદી ટાળતા રહેતા વસાહતીઓએ દુકાનો ખુલતા જ ખરીદી શરૂ કરી દીધી હતી. ભીડની જાણ થતાં જ પોલીસ આવી પહોંચી હતી. પોલીસે બપોર પહેલાં જ દુકાનો બંધ કરાવી ભીડને ખાળવાનો પ્રયાસ કર્યો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ, આમ હુ મજબુત મનનો માણસ છું પણ જ્યાં વાંચુ છું ત્યા એવું લખ્યું હોય છે કે ગભરાશો નહીં,... એટલે બીક લાગે છે...**

### જૈનમ પરિવાર દ્વારા ૯૦૦થી વધુ અનાજ અને ખાદ્યસામગ્રી કીટનું વિતરણ

પ.પૂજય આચાર્ય ભગવંત શ્રી વિજયસંયમબોધિસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થાપિત ''જૈનમ પરિવાર''ના નવયુવાનો દ્વારા જાનના જોખમે કોરોના સંક્રમણને અટકાવવા માટે પ્રયાસ કરતા પોલીસ કર્મચારીઓમાં રોગપ્રતિકારક શકિત વધારતી આયુષ મંત્રાયલ દ્વારા પ્રમાણિત હોમીયોપેથી દવાની નાની ડબ્બીઓ નિશુલ્ક વિતરણ કરાયું હતું. અમદાવાદ, જામનગર, રાજકોટ, જુનાગઢ, શંખેશ્વર, પાટણ, માણસા સહિત વિવિધ સ્થાનોએ નેવુ હજારથી વધુ દવાની ડબ્બીનું વિતરણ કરીને પોલીસ જવાનોની સુરક્ષા નિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે. આ સદકાર્યને સમગ્ર જૈન સંઘનો સહયોગ મળ્યો છે. ૯૦૦ થી વધુ અનાજ અને જીવનજરુરી ચીજવસ્તુની કીટનું વિતરણ અને નાણાકીય ભીડ અનુભવતા ૨૦૦ થી અધિક પરિવારોને જરુરીયાત મુજબ સહાય કરી હતી.



### સેકટર-૨૯ મુસ્લિમ બિરાદરો દ્વારા ૫૨૫ ખાદ્યસામગ્રી કીટનું વિતરણ કરાયુ

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ અમનપાર્ક મુસ્લિમ બિરાદરો દ્વારા લોકડાઉનને પગલે જરુરીયાતમંદોને ભોજન સહિત અનાજ(કીટ)અને જરુરી ચીજવસ્તુઓની ૫૨૫ થી વધુ કીટ પુરી પાડવામાં આવી છે. તે ઉપરાંત લોકડાઉનના સમયથી સેકટર-૩૦ ખાતે સેવા કેન્દ્ર શરુ કરાયુ છે જેમાં જરુરીયાતમંદોને ભોજન આપવામાં આવી રહ્યું છે. રમઝાન માસમાં પણ આ સેવાની પ્રવૃતિની સુવાસ કાર્યરત રાખીને જરુરીયાતમંદ પરિવારોને ભોજન તેમજ કીટ પહોંચાડવામાં આવશે.

# ડુપ્લીકેટ ડેપ્યુટી કલેકટર ખોરજ ગામથી ઝડપાયા

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા ખોરજ ગામથી ડુપ્લીકેટ ડેપ્યુટી કલેકટર ને અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. અમદાવાદ ચાંદખેડા ખાતે રહેતા અને આયકર ભવનમાં ખાનગી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા યુવક પાસેથી ડેપ્યુટી કલેકટરના હોદ્દાનું તેના ફોટાવાળુ ડુપ્લીકેટ આઈકાર્ડ મળી આવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ભારત અને ગુજરાતમાં પણ કોરોનાના કેસ રોજ બરોજ વધી રહ્યા છે. ગુજરાતમાં પણ અજગરી ભરડો લેતા કોરોના કેસની સંખ્યા ત્રણ હજારને પાર કરી ગઈ છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે પોલીસ તંત્ર રાત દિવસ ઉજાગરા કરી રહ્યા છે. નાગરીકો બિનજરુરી ઘરમાંથી બહાર ન નીકળે તે માટે પોલીસ તંત્ર દ્વારા સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આવી સ્થિતિમાં પણ કેટલાક યુવકો નકલી પોલીસ, પત્રકાર કે અન્ય અધિકારી બનીને રૌફ મારવાનું છોડતા નથી. ત્યારે ગાંધીનગર નજીક અડાલજ વિસ્તારમાં છેલ્લા દશ દિવસથી એક ખાનગી વાહનમાં ડેપ્યુટી કલેકટર કક્ષાના અધિકારી પેટ્રોલીંગ કરે છે તે વાતની જાણ પોલીસ ને થઈ હતી. જેને પગલે પોલીસે તપાસ કરતા આ પ્રકારની હકીકત શંકાસ્પદ જણાઈ આવી હતી. ગતરોજ અડાલજ પોલીસને નાઈટ પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે ખોરજ ગામમાં એક શખ્સ સીયાજ ગાડી લઈને ફરે છે અને પોતે ડેપ્યુટી કલેકટર હોવાનું જણાવી રહ્યો છે. જેથી પોલીસે સ્થળ પર તાત્કાલીક જઈને તપાસ કરતા શંકાસ્પદ યુવક મળી આવ્યો હતો. ત્યારબાદ પોલીસે તેની સઘન પુછપરછ કરતા તે યુવકે પોતાનુ નામ ભુપતસિંહ ભીખુસિંહ ચાવડા ડેપ્યુટી કલેકટર ગાંધીનગર હોવાનુ જણાવી પોતાનું આઈકાર્ડ બતાવ્યુ હતુ. ત્યારબાદ તેની સઘન તપાસ અને પુછતાછ કરતા તે યુવક ભાંગી પડ્યો હતો અને પોતાનું સાચુ નામ ભુપેન્દ્રભાઈ ભીખાભાઈ રાવત (સેનમા) (ઉં.૩૬ રહેડી.૬૦૪ સરજુ હાઈટ્સ આઈઓસી રોડ ચાંદખેડા) હોવાનું અને તે અમદાવાદ આયકર ભવન ખાતે ખાનગી ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી ડેપ્યુટી કલેકટરના હોદ્દાનું તેના ફોટાવાળુ ડુપ્લીકેટ આઈકાર્ડ મળી આવતા તેની સામે અડાલજ પોલીસ મથકે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગાંધીનગર જિલ્લના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યાર સુધી ૨૮૨ વ્યક્તિઓનું લેબોરેટરી પરીક્ષણ કરાયું

## ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના ૨૩૭ વ્યક્તિઓ કોરોન્ટાઇન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસ હોવાના સામાન્ય લક્ષણો માલૂમ પડયા હોય તેવા ૨૮૨ લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યા છે. તેમજ ૨૩૭ વ્યકિતઓ કોરોન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ગાંધીનગરના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસ હોવાના સામાન્ય લક્ષણો માલૂમ પડે તેવા ૨૮૨ વ્યક્તિઓના લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨૭૪ નેગેટીવ કેસ આવ્યા છે. માત્ર આઠ જ પોઝિટીવ આવ્યા હતા.

વધુમાં જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં ચાર તાલુકામાં કુલ–૧૨૭ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈનમાં છે. તેમજ ૮૩ વ્યક્તિઓ સરકારી કોરોન્ટાઈન ફેસિલીટીમાં અને ૨૭ વ્યક્તિઓ ખાનગી કોરોન્ટાઈન ફેસિલીટીમાં છે. ગાંધીનગર તાલુકામાં ૭૦, માણસા તાલુકામાં ૫૬, કલોલ તાલુકામાં ૭૪ અને દહેગામ તાલુકામાં ૩૭ મળી કુલ–૨૩૭ વ્યક્તિઓ કોરોન્ટાઈન કરવામાં આવેલા છે.

વધુ માહિતી આપતાં તેમણે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં કોરોના સંલગ્ન ૨૬૯ ફોન કરવામાં આવ્યા છે. તેમજ ૧૭૩ વ્યક્તિઓને સારવાર અપાઈ છે. હાલમાં ગાંધીનગર ઓમ લેન્ડમાર્ક શાળામાં ૧૯૦ અને કલોલની સરકારી પ્રાથમિક શાળા નંબર – ૯ માં ૩૨ મળી કુલ ૨૨૨ શ્રમિકો અને પરપ્રાંતિયાઓ આશ્રય લઈ રહ્યાં છે.

# ખુનની કોશિશના બે ગુન્હામાં નાસતા ફરતા આરોપીને એલસીબી પોલીસે દબોચી લીધો

ગાંધીનગર, તા.૨૬

કલોલ તાલુકા પોલીસ મથકમાં ખુનની કોશીશના બે ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસના જવાનોએ કલોલ ખાતે થી પકડી પાડીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.બી.રાઠોડ અને તેમની ટીમના સભ્યો એએસઆઈ સંદીપકુમાર, અ.હે.કો.રણજીતસિંહ, અ.પો.કો.જીગ્નેશકુમાર, કનકસિંહ સહિતના જવાનો કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા એએસઆઈ સંદિપકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે કલોક તાલુકા પોલીસ મથકના ખુનની કોશિશના બે ગુનામા નાસતો ફરતો આરોપી ધર્મેન્દ્ર પુરષોત્તમભાઈ પટેલ (રહે.એ-૩૦૩ સ્નેહ રેસીડેન્સી બોરીસણા રોડ કલોલ, જી.ગાંધીનગર મુળ રહે.કરણનગર કડી જી.મહેસાણા) ને તેના ઘરેથી પકડી પાડ્યો હતો. આ શખ્સ સામે ભુતકાળમાં અડાલજ, કલોલ તાલુકા, કલોલ શહેર પોલીસ મથકમાં લુંટ, મારામારી, રાયોટીંગ તેમજ ખુનની કોશિશ જેવા ગંભીર ગુન્હાઓમાં અટક કરવામાં આવી છે. જયારે ઉપરોકત ગુન્હામાં તે વોન્ટેડ હોવાથી તેને પકડી પાડી પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## દહેગામ તાલુકામાં આવેલ ઝાક વડવાળા મંદિર જરૂરિયાત મંદોની વ્હારે

દહેગામ તાલુકાના ઝાક ગામે આવેલ શ્રી વડવાળા રામજી મંદિર ગરીબ અને જરૂરિયાત મંદોની વ્હારે આવ્યું છે. મંદિર દ્વારા અનેક માનવ સેવાની પ્રવૃત્તિઓ થઈ રહી છે. વડવાળા મંદિર દ્વારા આજે અખાત્રીજના પાવન પર્વે પ.પૂ. મહંત શ્રી ગણેશદાસજી બાપુ અને મંદિરના સાધુ-સંતો તથા ગામના સરપંચની હાજરીમાં ૭૦૦ મણ ઘઉંનું મંદિરની ફરતે આવેલ વિસ્તાર માં જરૂરિયાત મંદો અને ગરીબ પરિવારોને નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. મહંતશ્રી ગણેશદાસજી મહારાજે જણાવ્યું કે ગુજરાત સહિત સમગ્ર દેશ કોરોના સંકટ સામે એક જૂટ થઈ લડી રહ્યો છે, ત્યારે વિપદાની આ ઘડીમાં જરૂરિયાત મંદોને મદદરૂપ થવું એ જ સાચો માનવ ધર્મ છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના આરોગ્ય વિભાગે આજે પણ વિડીયો કોન્ફરન્સ કરી અને તંત્રના અધિકારીઓને માર્ગદર્શન આપી લેવાયેલા પગલાંઓની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીને કારણે પણ લોકોએ ઘરમાં રહેવાનું જ પસંદ કર્યુ હતુ અને ખરીદીને ટાળી હતી.
- માધ્યમિક શિક્ષણ બોર્ડે ધો. ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા તેમજ શાળા છોડવાના પ્રમાણપત્રમાં શું શું રિમાર્કસ કરવી તે અંગે માર્ગદર્શન આપતો ત્રણ પાનાનો પરિપત્ર કર્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે અખાત્રીજના દિવસે ખેડૂતો દ્વારા પરંપરાગત કૃષિના સાધનોની પૂજા કરી અને ખરીફ ઋતુના વાવેતર માટેની તૈયારીઓ કરી હતી.
- ગુજરાત કેડરના ચાર સનદી અધિકારીઓને ભારત સરકારના વિવિધ વિભાગોમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે તે વાતે સચિવાલયના વહીવટીય વર્તુળોમાં ખુશીનો માહોલ છવાયો છે.



ગાંધીનગર શહેરમાં સૂમસામ બનેલા રસ્તાઓ ફરી ગતિ પકડવા લાગ્યા છે. તેમાંય ગરમી અને ગરમાળાની મોસમ પણ ચાલુ છે. ઔષધિરૂપ ગરમાળાની સીંગોને સરકારી નર્સરી ખાતે એકત્ર કરવામાં આવે છે, જ્યાં તેના બીજનો બિયારણમાં ઉપયોગ કરવામાં આવે છે. ગરમાળાના ગરનો રસ ઔષધિ તરીકે પણ ઉપયોગ થાય છે. કોરોના લોકડાઉનને કારણે આ વર્ષે ગરમાળાની સીંગો ઉતારવાની કામગીરી થોડી મોડી છે.

# કલકત્તાના શંભૂનાથ વિશ્વના વૈજ્ઞાનિકોમાં ઉચ્ચ સન્માન પામ્યા, ભારતમાં માત્ર ગુમનામી મળી




- ગૌતમ પુરોહિત

વિશ્વના દેશોમાં કોરોના વાયરસના સંક્રમણનો પંજો વિસ્તરી રહ્યો છે. ભારત દેશ અને તેના રાજ્યો પણ બાકાત નથી. આજે આખું વિશ્વ કોરોનાથી ફફડી રહ્યું છે, કારણ કે તે સ્વાઈન ફ્લૂ કરતાં ૧૦ ગણો વધુ કાતીલ છે. વિશ્વમાં જે મોત થયાં છે તેમાં નાની ઉંમરના બાળક થી લઈને વયોવૃદ્ધ લોકોને પણ તેણે છોડ્યા નથી. વૈજ્ઞાનિકોના અનુમાન અને તારણોને પણ ખોટા પાડ્યા છે. વિશ્વના દેશોમાં એક સમય એવો પણ હતો કે આજના ક્યોરેબલ કોલેરાથી દુનિયા ફફડી ઉઠી હતી. કોલેરાના કારણો અને ઉપચાર શોધતાં વૈજ્ઞાનિકોને ૭૫ વર્ષ લાગ્યા હતા. હવે તો તેની રસી પણ શોધાઈ છે. વિશ્વના દેશોમાં બાળકોને કોલેરાની રસી આપવામાં આવે છે પરંતુ કેટલાક પ્રાંતમાં અજ્ઞાનતાના કારણે હજારો લોકો આજે પણ મોતના મુખમાં હોમાઈ રહ્યાં છે.

**● શાંત રોગ પણ તેજીથી ઘાતક બને છે...**

એક સમયે આધુનિક મેડીકલના સંશોધનોના અભાવે કોલેરાને મહામારી તરીકે ઓળખવામાં આવતી હતી. આ એક એવો રોગ છે કે જે શાંત છે પરંતુ ખૂબ તેજીથી ઘાતક અસર કરે છે. સૌથી વધુ ગંભીરરૂપમાં રોગના લક્ષણોની શરૂઆત એક કલાકમાં થઈ જાય છે. એક સ્વસ્થ વ્યક્તિનું બ્લડપ્રેશર અચાનક ઘટી જાય છે અને ત્રણ કલાકમાં સારવાર કરવામાં ન આવે તો વ્યક્તિનું મોત થાય છે. અનેક શોધના અંતે કહેવાય છે કે કોલેરા દૂષિત પાણી અને દૂષિત ખોરાકથી થાય છે. હવે તો ૯૦ ટકા કિસ્સામાં કોલેરાનો ઉપચાર શક્ય બન્યો છે. આજે તો વિશ્વસ્તર પર બે પ્રકારની રસીના ટીંપા મોજૂદ હોય છે.

**● ૧૮૧૭માં ૧૮૦ લાખ લોકોના મોત થયાં હતા...**

એવું કહેવાય કે કે બ્લેક ડેથ એટલે પ્લેગ, પરંતુ બ્લૂ ડેથ એટલે કોલેરા કહેવાતું હતું. જેને હિન્દીમાં હેજાના નામથી ઓળખવામાં આવે છે. ૧૮૧૭માં આ બિમારી અસ્તિત્વમાં આવી હતી. એ સમયે ૧૮૦ લાખ લોકોના મોત થયાં હતા. આ કોલેરાનો પ્રકોપ ભારત સહિત વિશ્વના તમામ દેશોએ ભોગવવો પડ્યો છે. જો કે ૧૮૮૪માં રોબર્ટ કાંખ નામના વૈજ્ઞાનિકે કોલેરાનું જીવાણું વાઈબ્રિયો કોલેરીને શોધી કાઢ્યું હતું. જો કે આ બિમારીનો ઈલાજ શોધવામાં ત્યારપછી વિશ્વના દેશોને ૭૫ વર્ષ લાગ્યા હતા.

**● ભારતીય વૈજ્ઞાનિકે લાખોના જીવ બચાવ્યા...**

એક ભારતીય વૈજ્ઞાનિક શંભૂનાથ ડે હતા, જેમણે કોલેરાનું મુખ્ય કારણ શોધી લાખો લોકોના જીવ બચાવ્યા હતા. ૧૯૧૫માં બંગાળના હુગલીમાં જન્મેલા શંભૂનાથના પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હતી. તેમના સબંધીઓએ ભણતરનો ખર્ચ ઉઠાવ્યો હતો. તેમને કોલકત્તા મેડીકલ કોલેજથી સ્કોલરશીપ મળી હતી. ૧૯૩૯માં તેમણે મેડીકલની પ્રેક્ટિસ શરૂ કરી પરંતુ રિસર્ચના શોખીન એવા શંભૂનાથે ૧૯૪૭માં યુનિવર્સિટી કોલેજ ઓફ લંડનથી પીએચડી કર્યું હતું. તેઓ હૃદય સબંધિત બિમારી અંગે સંશોધન કરી રહ્યાં હતા. એ સમયે તેમણે કોલેરા પછી કિડની પર થનારી અસર પર પણ શોધ કરવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ ભારતમાં કોલેરાથી હજારો લોકોના મૃત્યુ થતાં તેઓએ ભારત પાછા આવીને બ્લૂ પ્લેગ પર સંશોધન શરૂ કર્યું હતું.

## બ્લૂડેથ એટલે કે કોલેરામાં લાખો લોકોને તેમણે મરતા બચાવ્યા, ઓઆરએસ એ તેમની દેન છે

## પીએચડી માટે લંડન ગયા, રિસર્ચ કરતા હતા ત્યારે ભારતમાં લોકોને મરતાં જોઇ પાછા આવ્યા

**● લોકોને મરતાં જોઇ લંડન છોડી ભારત આવ્યા...**

૧૯૪૦માં ભારત કોલેરાના રોગમાં સપડાયું હતું. આ રોગના કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ખૂબ જ વધારે હતી. ભારત આવ્યા પછી તેઓ કલકત્તા મેડીકલ કોલેજના પેથોલોજી વિભાગના નિર્દેશક હતા. તેમની શોધની દિશા તે સમયે બદલાઈ જ્યારે તેમણે જોયું કે કલકત્તામાં કોલેરાના દર્દીઓના શરીરમાં ઝેરીલો પદાર્થ બની રહ્યો છે. તેમને ખબર પડી કે આ બિમારી શરૂઆતમાં ઓર્ગેનિઝમના કારણે થાય છે અને પછી પીડિત વ્યક્તિના પેટમાં ઝડપથી ફેલાય છે અને વ્યક્તિનું મોત થાય છે. શંભૂનાથે તેમની શોધનો પ્રયોગ પહેલાં સસલાંના લૂપ મેથડથી કર્યો હતો. સ્થાનિય વિજ્ઞાન સમૂદાયે આ પરિણામને માનવાનો ઈન્કાર કર્યો હતો અને વિદેશી વૈજ્ઞાનિકોમાં સંદેહ વ્યક્ત થતો હતો, પરંતુ શંભૂનાથને ભરોસો હતો કે તેમની શોધ ઉત્તમ છે અને અસરકારક પરિણામ મળશે. ડ્યુટી પુરી કરીને તેઓ રાત્રે બોઝ સંસ્થાના ફિજીકલ એન્ડ પ્રોટીન રસાયણ પ્રયોગશાળામાં જતા હતા. આખી રાત તેઓ ત્યાં બેસીને સંશોધન કરતા હતા. આ પ્રયોગશાળામાં ઝેરને અલગ કરી શકે તેવા ટેકનિકલ સાધનો ન હતા તેથી તેઓ પ્રયોગની અસરને જોઈને પરિણામ મેળવતા હતા અને નોટ બનાવતા હતા.

**● રોબર્ટ કાંખના કારણમાં મોટી ભૂલ સુધારી...**

રોબર્ટ કાંખે કોલેરાનું કારણ એવું આપ્યું હતું કે આ જીવાણું વ્યક્તિના સર્ક્યુલેટરી સિસ્ટમ એટલે કે લોહીમાં જઈને તેને પ્રભાવિત કરે છે પરંતુ હકીકતમાં આ રોબર્ટ કાંખની ભૂલ હતી. તેમણે ક્યારેય વિચાર્યું ન હતું કે આ જીવાણું વ્યક્તિના કોઈ અંગ મારફતે શરીરમાં ઝેર ફેલાવી શકે છે. જો કે આ શોધને શંભૂનાથ ડે એ સંભવ કરી હતી. તેમણે જ રોબર્ટની શોધમાં ભૂલ સુધારી હતી.

## દિવસે ડ્યુટી, આખીરાત સંશોધન - કોલેરાનું કારણ શોધનાર વિદેશી વૈજ્ઞાનિકની ભૂલ સુધારી

**● ઓઆરએસના પ્રણેતા શંભૂનાથ ડે હતા...**

તેમણે સંશોધનમાં એવું સિદ્ધ કર્યું કે વાઈબ્રિયો કોલેરી લોહીના રસ્તેથી નહીં પણ નાના આંતરડામાં જઈને ઝેરીલો પદાર્થ છોડે છે, પરિણામે વ્યક્તિના શરીરમાં લોહી જાડું થાય છે અને પાણીની કમી મહેસૂસ થાય છે. ૧૯૫૩માં તેમણે તેમની શોધને પ્રકાશિત કરી અને તે સમયે ઓરલ ડિહાઈડ્રેશન સોલ્યુશન – ઓઆરએસ- પેદા થયું જેને ઘરમાં કોઈપણ વ્યક્તિ બનાવી શકે છે. બંગાળ અને આફ્રિકામાં આ સોલ્યુશનને મોંઢા મારફતે પર્યાપ્ત માત્રામાં લેવાનું શરૂ થતાં લાખો દર્દીઓને જીવતદાન મળ્યું હતું. આજે આ વૈજ્ઞાનિકને કોઈ જાણતું નથી.

**● ભારતમાં સંશોધનની તેમને તક મળી નહીં...**

૧૯૫૯માં તેમણે શોધ્યું કે આ જીવાણું દ્વારા ઉત્પન્ન થતું ટોક્સિન એ એક્સોટોક્સિન છે. શંભૂનાથ આ ટોક્સિન પર શોધ કરવા માગતા હતા પરંતુ ભારતમાં સાધનોની અછતના કારણે તેઓ કરી શક્યા નહીં. આટલી મોટી શોધ કર્યા પછી તેમને ભારતમાં ગુમનામી મળી. તેઓ ૧૯૭૩માં નિવૃત્ત થઈ ગયા પછી ૧૯૭૮માં તેમને નોબલ ફાઉન્ડેશને ગેસ્ટ સ્પીકર તરીકે બોલાવ્યા ત્યારે તેમણે તેમની શોધ અંગે પ્રવચન આપ્યું. દુનિયાને તેમણે ચોંકાવી દીધી. દુનિયાભરના વૈજ્ઞાનિકોએ તેમને અભિનંદન આપ્યાં. એટલું જ નહીં દુનિયાભરમાં તેમને અનેક સન્માનો મળ્યાં હતા પરંતુ તેમના દેશમાં તેમને કોઈ ખાસ સન્માન મળ્યું નહીં.

**● વિશ્વખ્યાત વૈજ્ઞાનિકે નોબલ માટે ભલામણ કરી...**

શંભૂનાથે ૭૦ વર્ષની વયે ૧૯૮૫માં ૧૫મી એપ્રિલે દુનિયાનો ત્યાગ કર્યો. તેમના મૃત્યુના પાંચ વર્ષ પછી ૧૯૯૦માં કરંટ સાયન્સ પત્રિકાએ તેમના અંગે એક લેખ લખ્યો હતો પરંતુ ભારત સરકાર તેમને ઉચિત સન્માન આપી શકી નથી. મહત્વની બાબત એવી છે કે શંભૂનાથ ડે ને નોબલ પુરસ્કાર આપવાની ભલામણ વિશ્વખ્યાત વૈજ્ઞાનિક જોશુહા લેડરબર્ગે કરી હતી. આ જોશુહા માઈક્રોબાયો જેનેટીક પર કરેલા કાર્ય માટે મશહૂર બન્યા હતા અને ચિકિત્સા જગતનું તેમને ગૌરવપ્રદ નોબલ પ્રાઈઝ પણ મળ્યું હતું. તેમણે શંભૂનાથની શોધને વખાણી હતી.

**● મારા પિતાનું યોગદાન અમૂલ્ય છે – શ્યામલ...**

શંભૂનાથનો પરિવાર ઈચ્છતો હતો કે કલકત્તા યુનિવર્સિટી તેમની યાદમાં વર્ષે એક લેક્ચરનું આયોજન કરે પરંતુ કમનસીબે તે થઈ શક્યું નહીં. તેમના પુત્ર શ્યામલ ડે કહે છે કે ''મારા પિતાના યોગદાનને આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સમુદાયે ઘણાં સમય પછી મહત્વ આપ્યું હતું. ૬૦ના દસકાના આખરી દૌરમાં વિદેશી શોધકર્તા તેમના કામના સંદર્ભનો ઉપયોગ કરતા થયા હતા.''